લગ્ન પ્રસંગમાં આવેલા 1000 જેટલા મહેમાનોએ ભોજન લીધુ હતુ : આરોગ્ય તંત્ર એલર્ટ

# અભલોડ ગામે જમણવાર પછી 400 થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ

**જમણવારમાં** દાળ-ભાત, શાક-પુરી, પાપડ, કેરીનો રસ અને પનીરની સબ્જી પીરસવામાં આવી હતી



(પ્રતિનિધિ) ગરબાડા, તા.21

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામમાં યોજાયેલા એક લગ્નપ્રસંગ દરમિયાન જમણવાર લીધા બાદ મોટી દુર્ઘટના સર્જાઈ છે. લગ્નમાં પીરસાયેલા ભોજન બાદ 400થી વધુ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બનતાં સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. અચાનક મોટી સંખ્યામાં લોકો બીમાર પડતાં ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માહિતી મુજબ, ભરતભાઈ રાઠોડના ઘરે આયોજિત લગ્નપ્રસંગમાં ગામજનો અને મહેમાનો મળીને અંદાજે 1000 જેટલા લોકોએ ભોજન લીધું હતું. જમણવારમાં દાળ-ભાત, શાક-પુરી, પાપડ, કેરીનો રસ અને પનીરની સબ્જી પીરસવામાં આવી હતી. ભોજન લીધાના થોડા સમય બાદ જ અનેક લોકોને ઝાડા અને ઊલટી જેવી ગંભીર તકલીફો શરૂ થઈ ગઈ હતી. એકસાથે અનેક લોકો બીમાર પડતાં પરિવારજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. તાત્કાલિક અસરથી 108 એમ્બ્યુલન્સ સેવા તેમજ ખાનગી વાહનો દ્વારા અસરગ્રસ્તોને હોસ્પિટલોમાં ખસેડવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવતે માહિતી આપતા જણાવ્યું કે, લગ્નપ્રસંગ બાદ શરૂઆતમાં 2થી 3 બાળકોને અસર થઈ હતી, જે બાદ ધીમે-ધીમે અન્ય લોકોમાં પણ લક્ષણો દેખાયા હતા. રાત્રે 12 વાગ્યા સુધીમાં 58 દર્દીઓની સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. કુલ 232 દર્દીઓ પી.એચ.સી.માં નોંધાયા છે, જેમાંથી 137 લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે જ્યારે 85 દર્દીઓ હાલ ઓબ્ઝર્વેશન હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર છે. હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું તંત્રએ જણાવ્યું છે. ઘટનાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય વિભાગ અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તારણો અનુસાર, લગ્નમાં પીરસાયેલા કેરીના રસ અને પનીરની સબ્જી ફૂડ પોઈઝનિંગનું કારણ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટીમ દ્વારા શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ એકત્રિત કરીને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તપાસના આધારે જવાબદાર વ્યક્તિઓ અને કેટરર્સ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

રાજકીય આગેવાનો સાથે બેઠક યોજી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી માટે માર્ગદર્શન

# સુખસર તાલુકામાં ચૂંટણી પૂર્વે એસપી રવિરાજસિંહ જાડેજાની ખાસ મુલાકાત

ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહીનો ઈશારો



(પ્રતિનિધિ) સુખસર, તા. 21

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને Ravirajsinh Jadeja દ્વારા સુખસર તાલુકાના નિદકાપૂર્વ અને કુંડલા ગામની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન બંને ગામોમાં વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન એસપીએ તમામ પક્ષોના આગેવાનોને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પોલીસ હંમેશા પ્રજાની મિત્ર છે અને કોઈપણ સમસ્યા હોય તો નિડરપણે પોલીસનો સંપર્ક કરવો. “અડધી રાત્રે પણ પોલીસની જરૂર પડે તો જાણ કરશો, અમે મદદ માટે આવી જઈશું,” તેમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે ચૂંટણીને લોકશાહીનો પવિત્ર તહેવાર ગણાવી દરેક મતદાતાને પોતાના મનપસંદ ઉમેદવાર અને પક્ષને મત આપવાનો અધિકાર હોવાનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ લોકશાહી પ્રક્રિયામાં સૌએ જવાબદારીપૂર્વક ભાગ લેવા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અપીલ કરી હતી. વધુમાં એસપી રવિરાજસિંહ જાડેજાએ કડક ચેતવણી આપતા જણાવ્યું કે જો કોઈ વ્યક્તિ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિ કરશે અથવા કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરશે.

બે શખ્સો સામે કાલોલ પોલીસમાં ફરિયાદ

# કંડાચ નજીક નંબર પ્લેટ વગરની ગાડીમાંથી ગૌ વંશ મળી આવ્યુ



(પ્રતિનિધિ) કાલોલ, તા.21

કાલોલ તાલુકાના કંડાચ ગામ નજીક નદીના પુલ પાસે નંબર પ્લેટ વગરની સિલ્વર કલરની સેન્ટ્રો કારમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં ગાય મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી છે. આ મામલે કંડાચ ગામના વકીલ હિરલકુમાર ગોહીલે બે શખ્સો સામે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે દસ વાગ્યે હિરલકુમાર ગોહીલ, ધવલસિંહ ગોહીલ, જયપાલસિંહ રાઠોડ અને મહીલપાલસિંહ ગોહીલ સગનપુરા ગામે ચૂંટણી પ્રચારની બેઠક પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા. કંડાચ નદીના પુલ નજીક રોડ પર નંબર પ્લેટ વગરની સેન્ટ્રો કાર ઉભી જોવા મળતાં શંકા જતાં તેઓએ તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન ત્યાં ઉભેલા બે શખ્સોની ઓળખ સલમાન ફારુક પાડવા (રહે. વેજલપુર) અને ઈરફાન ઉર્ફે નાનો અબ્દુલમજીદ પાડવા (રહે. ગોધરા) તરીકે થઈ હતી. પૂછપરછ દરમિયાન બંનેએ ગાડી બગડી હોવાની વાત કરી, પરંતુ ગાડી ચેક કરવા જતા તેઓ અંધારાનો લાભ લઈ નદી તરફ ભાગી છૂટ્યા હતા. ગાડીની તપાસ કરતાં વચ્ચેની સીટો કાઢી નાખેલી હતી અને એક સફેદ ગાયને ટૂંકા દોરડા વડે ગળા અને પગેથી ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળી આવી હતી. ત્યારબાદ ફરિયાદી અને તેમના સાથીઓએ ગાયને છોડાવી ઘરે લઈ જઈ તેની ઘાસ-પાણીની વ્યવસ્થા કરી હતી. પોલીસને આપવામાં આવેલી માહિતી મુજબ ગાયને કતલના ઈરાદે લઈ જવામાં આવતી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે સેન્ટ્રો કાર (એન્જિન નંબર G4HGBM892377, ચેસિસ નંબર MALAA51HR6M911964) સહિત અંદાજે રૂ. ૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને ફરાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં ચૂંટણી દરમિયાન ડ્રાય ડે જાહેર કરાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

દાહોદ જિલ્લામાં આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેમજ મતગણતરી પ્રક્રિયા નિર્વિઘ્ને સંપન્ન થાય તે હેતુથી દાહોદ જિલ્લામાં આચાર સંહિતાના અમલથી મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળાને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે એમ રાવલ દ્વારા જાહેરનામું બહાર પાડી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી ૨૦૨૬ને અનુલક્ષીને ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ દાહોદ જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. તારીખ ૧લી એપ્રિલ ૨૦૨૬થી જિલ્લામાં આદર્શ આચાર સહિતા અમલમાં છે. મતદાન તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૨૬ના રોજ અને મત ગણતરી તારીખ ૨૮મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ યોજાનાર છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દાહોદ જિલ્લામાં દારૂના વેચાણ અને પીરસવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આદેશ અનુસાર લાયસન્સ ધરાવતા ક્લબ, હોટલ રેસ્ટોરન્ટ સહિત કોઈ પણ સ્થળે દારૂ વેચાણ અથવા પીરસવા પર પ્રતિબંધ રહેશે આ સમયગાળાને ₹ડ્રાય ડે ₹તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે વ્યક્તિ આ જાહેર નામાનું પાલન ન કરી, ઉલ્લંઘન કરશે તેની સામે કાયદેસર ની કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં પ્રોહિબિશન કાયદા ઉપરાંત મુંબઈ પોલીસ એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે.

ફાયર ફાયટરની ટીમની ઝડપી કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

# હાલોલમાં ઝૂંપડપટ્ટીમાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરી



(પ્રતિનિધિ) હાલોલ, તા.21

હાલોલ શહેરના સ્ટેશન રોડ નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, આગ લાગ્યાની જાણ હાલોલ ફાયર કંટ્રોલ રૂમને થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ટીમ દ્વારા ઝડપી અને સતર્ક કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગ વધુ ફેલાય નહીં તે માટે આસપાસના ઝૂંપડાઓને સુરક્ષિત રાખવા પાણીનો જોરદાર મારો ચલાવવામાં આવ્યો હતો. ટીમના સંયમિત પ્રયાસોથી આગને ટૂંકા ગાળામાં કાબૂમાં લઈ લેવામાં સફળતા મળી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. હાલ આગ લાગવાના ચોક્કસ કારણ અંગે તપાસ ચાલુ છે. પ્રશાસન દ્વારા નાગરિકોને સાવચેત રહેવા તથા આગ જેવી આપત્તિની સ્થિતિમાં તાત્કાલિક જાણ કરવા અપીલ કરવામાં આવે છે.

બે શખ્સો સામે કાલોલ પોલીસમાં ફરિયાદ

# એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે એક દિવસિય રાષ્ટ્રીય સેમીનાર યોજાયો



(પ્રતિનિધિ) ગોધરા, તા.21

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેકનોલોજી -ગુજરાત સરકાર દ્વારા એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે એક દિવસિય રાષ્ટ્રીય સેમીનાર નેનો ટેકનોલોજીમાં નવો યુગ તેમજ ટકાઉ અને ગ્રીન એન્જિનિયરિંગ પ્રેક્ટિસ વિષય પર યોજાઈ ગયો. આ સેમિનારમાં પ્રથમ સેશનમાં ચારૂસેટ યુનિવર્સિટી ચાંગાના પ્રો. ડો. કમલેશ ચૌહાણ,એસ. પી યુનિ.આણંદ ના ડો. યતી વૈદ્ય તથા ચારૂસેટ યુનિવર્સિટી ચાંગાના પ્રોફેસર ડોક. દત્તાત્રેય સુબેદારે ખુબ રસપ્રદ અને મહત્વની માહિતી પૂરી પાડી હતી . પ્રારંભમાં ઉપસ્થિત તમામ મહાનુભાવનું સ્વાગત પંચમહાલ જિલ્લા શિક્ષણ પ્રચારક મંડળ, -ટુવા એન્જિનિયરિંગ કોલેજના પ્રેસિડેન્ટ જે આર પટેલ તથા આર આર પટેલના માર્ગદર્શન અને સૂચના મુજબ ઉમળકાભેર અને ભારતીય પરંપરા મુજબ કર્યું હતું. આ પ્રસંગે સવિશેષ હર્ષ આર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં 102 વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા. સેમિનારના કન્વીનર ડો. દિવ્યેશકુમાર દવે અને સેમિનારના કો-ઓર્ડીનેટર્સ દ્વારા સુંદર આયોજન કરાયું હતું સમગ્ર સેમિનારનું સફળ સંચાલન ડો. ભૂમિકા જોષી તથા કાર્યક્રમની આભાર વિધિ પ્રો. સંદીપ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# સુરતના ઉધનામાં પારિવારિક તણાવમાં પુત્રે માતાને ગુમાવી

(પ્રતિનિધિ) સુરત, તા.21

સુરતના ઉધના વિસ્તારમાં હચમચાવી નાખે એવી ઘટના સામે આવી છે, જેમાં ઘરઆંગણે ચાલતો વિવાદ દુર્ઘટનામાં ફેરવાઈ ગયો. ઉધના પોલીસ પાસે થી મળતી માહિતી મુજબ, એક 33 વર્ષીય પુત્ર એ ગુસ્સાના તાવમાં આવી પોતાની જ 70 વર્ષીય માતા પર જીવલેણ હુમલો કર્યો, જેના પરિણામે વૃદ્ધ મહિલાનું કરુણ મોત થયું છે. આ બનાવ બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને સ્થાનિકોમાં ભય અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ ની પ્રાથમિક તપાસ મુજબ આરોપી યુવક અને તેના પિતા વચ્ચે લાંબા સમયથી ચાલતા ઘરેલુ મતભેદને લઈને ઉગ્ર બોલાચાલી થઈ રહી હતી. સામાન્ય વાતચીતથી શરૂ થયેલો વિવાદ ધીમે ધીમે ઉગ્ર બન્યો અને બંને વચ્ચે હાથાપાઈની સ્થિતિ સર્જાઈ. આ દરમિયાન માતા વચ્ચે આવી પરિસ્થિતિને શાંત કરવા પ્રયાસ કરી રહી હતી, પરંતુ ગુસ્સે ભરાયેલા પુત્રે સંયમ ગુમાવી માતા પર જ હુમલો કરી દીધો. હુમલામાં માતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો તરત જ મદદ માટે દોડી આવ્યા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી, પરંતુ દુર્ભાગ્યે સારવાર મળે તે પહેલાં જ વૃદ્ધ મહિલાએ અંતિમ શ્વાસ લીધા.ઘટનાની જાણ થતાં ઉધના પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો.

## સુખસર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એમ રાઠોડ સાથે વીએચપી કાર્યકર્તાઓની શુભેચ્છા મુલાકાત :ભગવત ગીતા ભેટ અપાઇ



**સુખસર :** સુખસર નગરમાં વિશ્વ હિંદુ પરિષદ (VHP)ના કાર્યકર્તાઓ દ્વારા સુખસર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એમ.રાઠોડ સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. તાજેતરમાં સુખસર પોલીસ સ્ટેશનમાં ચાર્જ સંભાળનાર પી.આઈ. રાઠોડને કાર્યકર્તાઓએ શુભેચ્છાઓ પાઠવી તેમની નવી નિમણૂક બદલ અભિનંદન વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે વિશ્વ હિંદુ પરિષદના પ્રતિનિધિઓએ પી.આઈ. રાઠોડને ધાર્મિક ગ્રંથ ‘ભગવદ ગીતા’ ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી.સાથે જ સમાજમાં શાંતિ,કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અને સમાજ વચ્ચે વધુ સારો સમન્વય જળવાઈ રહે તે માટે ચર્ચા પણ કરવામાં આવી હતી. પી.આઈ. એમ. એમ. રાઠોડે કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,પોલીસ હંમેશા પ્રજાની સેવા અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.અને સમાજના તમામ વર્ગો સાથે મળીને શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા માટે સતત પ્રયાસશીલ રહેશે.

તલાટીએ માત્ર નોટિસ આપી સંતોષ માન્યો, તંત્રનુ મૌન પર્યાવરણને નુકસાન

# વરવાડા ગામની ગૌચર જમીનમાંથી બેરોકટોક માટી ચોરીથી ગામલોકોમાં રોષ



(પ્રતિનિધિ) કાલોલ, તા.21

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ગેરકાયદેસર રીતે ચાલતા ઈંટના ભઠ્ઠા અને તેના કારણે થતા ભૂમાફિયાના ત્રાસની ફરિયાદો વકરી રહી છે. તાજેતરમાં કાલોલ તાલુકાના વરવાડા ગામમાં ગૌચરની સરકારી જમીનમાંથી મોટા પાયે માટી ચોરી થવાનો કિસ્સો પ્રકાશમાં આવતા સ્થાનિકોમાં તંત્ર પ્રત્વે ભારે રોષ જોવા મળી રહ્યો છે. બે વીઘા જમીનમાં ૫ ફૂટ ઊંડું ખોદકામ પ્રાપ્ત માહિતી અનુસાર, વરવાડા ગામની ગૌચર જમીન પર ઈંટના ભઠ્ઠા માલિકો દ્વારા ગેરકાયદેસર રીતે ખોદકામ કરીને માટીની ચોરી કરવામાં આવી છે. આશરે બે વીઘા જેટલી સરકારી જમીનમાં ૫ ફૂટ કરતા પણ વધુ ઊંડા ખાડા પાડી દેવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે, આટલા મોટા પાયે ખોદકામ થઈ ગયું ત્યાં સુધી સ્થાનિક તલાટી તંત્ર અજાણ રહ્યું હતું. જ્યારે ગ્રામજનોએ આ બાબતે રજૂઆત કરી, ત્યારે તલાટીએ માત્ર નોટિસ આપીને પોતાની કામગીરી પૂર્ણ કરી હોવાનું જણાય છે, જેનાથી ભૂમાફિયાઓમાં કોઈ ડર જોવા મળતો નથી. ખેડૂતો માટે ખેતરે જવું મુશ્કેલ બનશે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વરવાડા ગામની આસપાસ લગભગ ૧૦૦ એકર જમીનમાં આ પ્રકારે છૂટક-છૂટક ખોદકામ કરીને માટી લઈ જવામાં આવી છે. ખાસ કરીને ખેડૂતોના ખેતરે જવાની જે ગાડાવાટ (નેળ) છે, તેની આસપાસ જ મોટું ખોદકામ થયું હોવાથી આગામી ચોમાસામાં ટ્રેક્ટર કે ગાડું લઈને ખેતર સુધી પહોંચવું અશક્ય બની જશે. ખેડૂતોની સુવિધા છીનવાઈ રહી હોવા છતાં જવાબદાર અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. કાલોલમાં ૧૦૦થી વધુ ગેરકાયદે ભઠ્ઠા કાલોલ તાલુકામાં અંદાજે ૧૦૦થી વધુ ઈંટના ભઠ્ઠાઓ કોઈપણ સત્તાવાર મંજૂરી વગર ધમધમી રહ્યા હોવાની ચર્ચાઓ છે.

ગરબાડા પોલીસનુ મીનાક્યાર પાસે વાહન ચેકિંગ

# વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે એકની અટકાયત



(પ્રતિનિધિ) દાહોદ, તા.21

ગરબાડા પોલીસે ગતરોજ સાંજના સમયે વાહન ચેકિંગ દરમિયાન મીના ક્યાર ચેકપોસ્ટ પરથી રૂપિયા ૧.૩૧ લાખ ઉપરાંતની કિંમતના પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે સિલ્વર કલરની આઈ ટેન ફોરવીલ ગાડી પકડી પાડી, vivo કંપનીનો એન્ડ્રોઇડ મોબાઈલ, રોકડ તેમજ રૂપિયા બે લાખની કિંમત ફોરવીલ ગાડી મળી કુલ રૂપિયા ૩.૫૮ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે ફોરવીલ ગાડીના ચાલકની અટકાયત કર્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. જિલ્લાની તમામ પોલીસે જિલ્લાની તમામ ચેક પોસ્ટો પર નાકાબંધી તેમજ વાહન ચેકિંગ જેવી કામગીરી વધુ કડક બનાવી છે. તેવા સમયે ગઈકાલે ગરબાડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ એમ રાદડિયા તેમના હાથ નીચેના પોલીસ અધિકારીઓ તેમજ સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે રાખી ગુજરાત અને મધ્યપ્રદેશની સરહદે આવેલ મીનાક્યાર ચેક પોસ્ટ ઉપર વાહન ચેકિંગ કરી રહ્યા હતા. એ દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ પાસીંગની એમપી ૪૩સી-૭૨૧૪ નંબરની સિલ્વર કલરની આઈ ટેન ફોરવીલ ગાડીનો ચાલક પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો લઈ ગુજરાત તરફ આવી રહ્યો છે. જે બાતમીને આધારે મીનાક્યાર ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહેલ ગરબાડા પોલીસ વધુ ચોકન્ની બની હતી.